રકમ અકસ્માતમાં ભોગ બનનાર પરિવારજનોને વળતર પેટે સરખા ભાગે ચૂકવવામાં આવશે

તથ્ય પટેલ ૧૫ દિવસમાં રૂ. ૧ કરોડના બોન્ડ જમા કરાવ્યા બાદ જ જેલમુક્ત થશે

● અમદાવાદ, તા.૨૯

અમદાવાદમાં ઈસ્કોન બ્રિજના ચકચાકી અકસ્માત કેસમાં એક બહુ મોટો વળાંક આવ્યો છે. આશરે પોણા ત્રણ વર્ષથી જેલવાસ ભોગવી રહેલા મુખ્ય આરોપી તથ્ય પટેલને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટે આ જામીન અત્યંત કડક શરતો સાથે આપ્યા છે. કોર્ટે તથ્ય પટેલના પરિવારને ટ્રાયલ કોર્ટમાં રૂ. ૧ કરોડની બોન્ડની રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો છે. આ રકમ જમા થયા બાદ જ તથ્ય પટેલનો સાબરમતી જેલમાંથી છૂટકારો થઈ શકશે. જુલાઈ ૨૦૨૩માં મધરાતે ૧૪૧.૨૭ કિ.મી.ની ઝડપે કાર હંકારી ૯ નિર્દોષ લોકોના જીવ લીધા હતા તથા ૧૩ને ઈજા પહોંચાડી હતી.

ઈસ્કોન બ્રીજ અકસ્માતના આરોપી તથ્ય પટેલે અનેક વખત નીચલી કોર્ટ અને હાઈકોર્ટમાં નિયમિત જામીન માટે અરજીઓ કરી હતી પરંતુ આખરે તેને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે. જો કે તેની જેલમુક્તિ આસાન નહીં રહે. સુપ્રીમ કોર્ટે તથ્યના જામીન મંજૂર કરવા કડક શરતો મૂકી છે જેમાં તેને એક કરોડ બોન્ડની રકમ ૧૫ દિવસમાં ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવી પડશે. આ રકમ મૃતકોના પરિવારજનોને સરખા હિસ્સે વેચવામાં આવે તેવું પણ સુપ્રીમ કોર્ટે આદેશમાં ટાંક્યું છે. આગામી દિવસોમાં બોન્ડની રકમ જમા કરાવ્યા બાદ તથ્ય પટેલની મુક્તિ અંગેની પ્રક્રિયા આગળ વધશે.

ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસની કાનૂની પ્રક્રિયામાં તથ્ય પટેલ સામે ચાર્જફ્રેમ (તહોમતનામું) ઘડવામાં જ ૮૫૩ દિવસ જેટલો લાંબો સમય વીતી ગયો હતો. સુપ્રીમ કોર્ટના કડક નિર્દેશ અને ચાર્જફ્રેમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ જામીન માટેની કાનૂની લડત આગળ વધી હતી. અગાઉ, સુપ્રીમ કોર્ટે કેસના મુખ્ય સાક્ષીઓની જુબાની ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના કડક વલણના પગલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે સુનાવણી ઝડપી બનાવી હતી અને રેકોર્ડબ્રેક સમયમાં કુલ ૨૮ સાક્ષીઓની જુબાની તેમજ ઉલટ તપાસની પ્રક્રિયા પૂરી કરી લીધી હતી.

આ કેસની વિગતવાર અહેવાલ તપાસનીશ અધિકારી દ્વારા એફિડેવિટ (સોગંદનામા) મારફતે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો. આ તમામ પાસાંઓની સુનાવણી બાદ આખરે સુપ્રીમ કોર્ટે શરતોને આધીન જામીનનો આદેશ આપ્યો છે.

મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા સીધું મોનિટરિંગ; પ્રિવેન્ટિવ પગલાં તરીકે અસરગ્રસ્ત ૧૦ કિમી વિસ્તારમાં 'ડીટીકિંગ' કામગીરી તેજ

ગીર અને તેના રેવેન્યુ વિસ્તારમાં સિંહોના રક્ષણ માટે વન વિભાગ એક્શન મોડમાં: સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ - વન મંત્રી અર્જુન મોઢવાડિયા

● અમદાવાદ, તા.૨૯

ગીર સેન્ચ્યુરીની બહાર આવેલા રેવેન્યુ વિસ્તાર, ખાસ કરીને ગીરગઢડા તાલુકા અને અમરેલીના બાબરીયા વિસ્તારમાં બાળસિંહોના શંકાસ્પદ મૃત્યુને પગલે રાજ્યના વન વિભાગ દ્વારા તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા છે. વન વિભાગ અને અનુભવી વેટરનરી ડોક્ટરોની ટીમો દ્વારા સ્થળ પર સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે અને હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે. છેલ્લા બે દિવસમાં આ પ્રકારની એક પણ નવી ઘટના ધ્યાને આવી નથી. જો કે, છેલ્લા એક અઠવાડિયામાં ૦૮ બાળસિંહોના શંકાસ્પદ દુ:ખદ મૃત્યુ થયા છે. જો કે, મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે, તેમ વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું.

વન મંત્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, પ્રાથમિક ધારણા મુજબ બાળસિંહોના આ શંકાસ્પદ મોત 'બેબિસીયોસિસ' નામના વાયરસથી થયા હોવાની આશંકા છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વન વિભાગ દ્વારા મૃતક બાળસિંહોના સેમ્પલ લઈને તાત્કાલિક ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર-ય્મ્ઈઝ્ર ખાતે મોકલવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આગામી ૩ થી ૪ દિવસમાં આવી જશે. આ ઉપરાંત જૂનાગઢ વેટરનરી કોલેજના નિષ્ણાત ડોક્ટરોની ટીમ પણ જોડાયેલી છે. અસરગ્રસ્ત વિસ્તારના ૧૦ કિલોમીટરના વિસ્તારમાં રહેતા સિંહોને આઈસોલેટ કરવામાં આવ્યા છે. ઈતરડી નામના જંતુથી ફેલાતા આ રોગને રોકવા માટે ગીર અને તેની બહારના વિસ્તારોમાં મોટા પાયે 'ડીટીકિંગ'-ઈતરડી નાશક પ્રિવેન્ટિવ કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.

મંત્રી મોઢવાડીયાએ ઉમેર્યું હતું કે, આ સમગ્ર ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમનું કાર્યાલય જાતે સીધી દેખરેખ રાખી રહ્યું છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી કાર્યાલય-ઁસ્ પણ આ ઘટના પર સતત નજર રાખીને રાજ્ય સરકારને જરૂરી માર્ગદર્શન પૂરું પાડી રહ્યું છે. વધુમાં, જ્યાં પણ જરૂર જણાય ત્યાં નિયમબદ્ધ રીતે પ્રિવેન્ટિવ વેક્સિનેશન સહિતના તમામ આગોતરા પગલાં લેવાઈ રહ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ થશે દેશનું પ્રથમ આર્કિયોલોજી અને હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ

● અમદાવાદ, તા. ૨૯

અમદાવાદમાં હેરિટેજ એન્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ આર્કિયોલોજી ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવાની મંજૂરી માંગતી દરખાસ્ત ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષના બજેટ પહેલા સરકારને કરવામાં આવી હતી. જેને સરકારે સ્વીકારતા યુનિ.ને આ સંસ્થા સ્થાપવા મંજૂરી આપી છે અને આ સંસ્થા માટેના કુલ ૩૬.૨૧ કરોડના પ્રોજેક્ટ ખર્ચ સામે હાલ ૧૦.૮૬ કરોડની ગ્રાન્ટ ફાળવણી કરવા ઠરાવ કર્યો છે. આ ઈન્સ્ટિટ્યૂટ દેશની પ્રથમ આ પ્રકારની સંસ્થા હશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમદાવાદમાં પ્રથમ સરકારી ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોસ્પિટાલિટી, હેરિટેજ મેનેજમેન્ટ, આર્કિયોલોજી એન્ડ લાઈફ લોન્ગ લર્નિંગ શરૂ કરાશે. આ ઈન્સ્ટિટ્યૂટ યુનિ.દ્વારા અંધજન મંડળ પાસેની પોતાની જગ્યા (મેદાન) ખાતે સ્થાપવામાં આવશે. આ ઈન્સ્ટિટ્યૂટના બાંધકામ સહિતનો કુલ પ્રોજેક્ટ ખર્ચ ૩૬.૨૧ કરોડ રૂપિયા નક્કી કરાયો છે. જેમાંથી સરકારે હાલ ૧૦.૮૬ કરોડની જોગવાઈને શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી છે.

સરકાર દ્વારા આ વહીવટી મંજૂરી માટે કરાયેલા ઠરાવમાં જુદી જુદી શરતો પણ મુકાઈ છે. જે મુજબ યુનિ.એ બાંધકામના નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ અધિકારીની ટેકનિકલ મંજૂરી મેળવવાની રહેશે. ઉપરાંત બાંધકામ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસે અથવા નિયત સંસ્થા પાસેથી તૈયાર કરાવવાની રહેશે. અન્ય વન-પર્યાવરણ સહિતની તમામ મંજૂરીઓ લેવાની રહેશે. આ સંસ્થા અંગે ગુજરાત યુનિ.ના કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે હાલ દેશમાં આ પ્રકારની કોઈ પણ સરકારી કે ખાનગી સંસ્થા નથી.

૧૨૫ શિક્ષકોએ ઈમરજન્સી પરિસ્થિતિમાં લેવાના પગલાઓ અંગે પ્રાયોગિક ધોરણે તાલીમ લીધી

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકો માટે વિશ્વ ઇમર્જન્સી દિવસ નિમિત્તે બેઝિક લાઈફ સપોર્ટની તાલીમ કાર્યક્રમ યોજાયો

● વડોદરા, તા.૨૯

વડોદરા જિલ્લા ખાતે આજરોજ વિશ્વ ઈમરજન્સી દિવસ નિમિત્તે ધીરજ હોસ્પિટલ તથા સુમનદીપ વિદ્યાપીઠ દ્વારા સમાજમાં ઈમરજન્સી પ્રતિભાવ ક્ષમતા વિકસાવવાના હેતુસર બેઝિક લાઈફ સપોર્ટ તેમજ સીપીઆર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઠ તાલુકાના ૧૨૫ શિક્ષકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

આજના સમયમાં અચાનક હાર્ટ એટેક-બેભાન થવાની પરિસ્થિતિ-શ્વાસ રૂંધાવું અકસ્માતો તથા અન્ય ઈમરજન્સી પરિસ્થિતિમાં શરૂઆતની કેટલીક મિનીટો ખુબ જ અગત્યની હોય છે આવી પરિસ્થિતિમાં આસપાસના સામાન્ય લોકો કર્મચારીઓ અથવા સ્ટાફ જોબ બેઝિક લાઈફ સપોર્ટ અને સીપીઆર તાલીમ અંગેનું પ્રાથમિક જ્ઞાન હોય તો દર્દીનું જીવન બચાવવાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

આ તાલીમ સંપૂર્ણપણે પ્રાયોગિક રીતે ડો. વૃંદાબેન અને તેઓની ટીમ દ્વારા અનુભવી ડોક્ટર તથા ટ્રેન્ડ ઈન્સ્ટ્રક્ટર દ્વારા આપવામાં આવી હતી. તાલીમના કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વધુમાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર ઉપચાર માટેની એક કીટ પણ આપવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણ અધિકારી વડોદરા શ્રી મહેશ પાંડે દ્વારા વિશેષ રૂપે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ સાથે સંસ્થા દ્વારા કાર્ય પ્રવાહને ધ્યાનમાં રાખીને તાલીમમાં આવેલા તાલીમાર્થીઓને આભાકાર્ડ માટે રજીસ્ટ્રેશન કરીને કાર્ડ પણ સ્થળ ઉપર કાઢી આપવામાં આવ્યો હતો. તાલીમ વર્ગમાં ડી ઈ ઓ કચેરી વડોદરાના એઈઆઈ શ્રી ભરતભાઈ ઉપસ્થિત રહી આ તાલીમ વર્ગમાં જરૂરી માર્ગદર્શન આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી મુકેશભાઈ શર્મા સમગ્ર શિક્ષા કોઓર્ડીનેટર ભાદરવા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

રાજ્યમાં મેના અંતમાં વાતાવરણમાં મોટો પલ્ટો, બેવડી ઋતુનો અનુભવ

● અમદાવાદ, તા. ૨૯

ગુજરાતમાં મે મહિનાના અંતમાં અસાધારણ વાતાવરણીય પલટો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં એકતરફ કાળઝાળ ગરમી આકાશમાંથી આગ ઓકી રહી છે, તો બીજી તરફ ચોમાસા જેવો માહોલ સર્જાવાની તૈયારીમાં છે. હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહે રાજ્યમાં બેવડી ઋતુનો પ્રકોપ જોવા મળવાની સત્તાવાર આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ગરમીનું યલો અને ઑરેન્જ ઍલર્ટ જાહેર કરાયું છે, જ્યારે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગે આગામી અઠવાડિયામાં અમદાવાદ માટે એક દિવસ ઑરેન્જ ઍલર્ટ અને ૬ દિવસ માટે યલો ઍલર્ટ જાહેર કરાયું છે. જ્યારે મે મહિનાની ભયંકર ગરમી વચ્ચે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ચોમાસા જેવો માહોલ સર્જાશે. ગઈકાલે હવામાન વિભાગે ૨ જૂન સુધીની આગાહી કરી હતી ત્યારે આજે ૫ જૂન સુધીની આગાહી સામે આવી છે. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં ઘણા સ્થળોએ (વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી) વરસાદી માહોલ જામશે, જ્યારે ઉત્તર ગુજરાતમાં થોડા સ્થળોએ વરસાદ પડી શકે છે. તેમજ ૩ જૂનથી ૫ જૂનમાં ઉત્તર ગુજરાતમાં થોડા સ્થળોએ, જ્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ (જેમાં દિવસ-૬માં રાજકોટ સહિત)માં છૂટાછવાયા સ્થળોએ વરસાદી માહોલ યથાવત્ રહેશે.

આજે સાંજે ૬.૪૫ કલાકે નોંધાયેલા મહત્તમ તાપમાનના આંકડા પર નજર નાખતા જણાય છે કે આજે સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૩.૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે અન્ય શહેરોમાં જોઈએ તો રાજકોટમાં ૩૯.૯, અમરેલીમાં ૩૯.૫, સુરેન્દ્રનગરમાં ૪૧.૫, ભાવનગરમાં ૪૨.૭, ગાંધીનગરમાં ૪૨.૭, બરોડામાં ૩૯.૬, ડીસામાં ૩૮.૧, કંડલામાં ૩૬.૫ તેમજ સુરતમાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આગામી ૨૪ કલાક બાદ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૩થી ૫ ડીગ્રી સુધી ગગડવાની શક્યતા છે. જોકે, મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૦ ડીગ્રીને પાર જ રહેવાનો હોવાથી લોકોને અસહ્ય ઉકળાટ અને ભેજવાળા વાતાવરણનો સામનો કરવો પડશે.

વલસાડ થી સુબેદારગંજ વચ્ચે સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં આવશે ⇌ સુબેદારગંજ

ટ્રેન નં.	મૂળ સ્ટેશન અને ગંતવ્ય	સેવા તારીખ	પ્રસ્થાન	આગમન
04120	વલસાડ - સુબેદારગંજ (સાપ્તાહિક)	31.05.2026 થી 12.07.2026	14:05 કલાકે (રવિવાર)	19:00 કલાકે (બીજા દિવસે)
04119	સુબેદારગંજ - વલસાડ (સાપ્તાહિક)	30.05.2026 થી 11.07.2026	05:00 કલાકે (શનિવાર)	09:40 કલાકે (બીજા દિવસે)

હાલ્ટ્સ: સુરત, છકાપુરી, રતલામ, કોટા, ગંગાપુર સિટી, બયાના, ઈડગાહ આગ્રા, તુન્ડલા, એતાહ, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશના બંને દિશામાં.

રચના: એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

ટાઈમિંગ, હાલ્ટ્સ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો

ટ્રેન નં. 04120 માટે બુકિંગ 30.05.2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન સ્પેશ્યલ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે દોડશે.

વેસ્ટર્ન રેલવે
wr.indianrailways.gov.in

અમને લાઈક કરો અને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ અનામત ટિકિટ માટે મૂળ ઓળખપત્રની નકલ સાથે રાખશો

વડોદરાની અસ્મા તાહેરાલી ઝાબુઆવાલાએ ચાર ગોલ્ડ મેડલ સાથે ત્રણ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો

૧૫મી રાષ્ટ્રીય સબ જુનિયર અને જુનિયર કલાસિક પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં વડોદરાના ખેલાડીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

● વડોદરા, તા.૨૯

આંધ્રપ્રદેશ પાવરલિફ્ટિંગ એસોસિએશન દ્વારા પાવરલિફ્ટિંગ ઈન્ડિયાના નેજા હેઠળ આયોજિત ૧૫મી રાષ્ટ્રીય સબ જુનિયર અને જુનિયર કલાસિક (પુરુષો અને મહિલા) પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વડોદરાની અસ્મા તાહેરાલી ઝાબુઆવાલાએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

ગત ૧૫ થી ૨૦ મે,૨૦૨૬ દરમિયાન યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં દેશભરના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી, અસ્માએ ત્રણ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યા અને ચાર સુવર્ણ ચંદ્રકો જીતીને અસાધારણ શક્તિ અને નિશ્ચયનું પ્રદર્શન કર્યું છે, તેણી એકસાથે આ સિદ્ધિ હાંસલ કરનારી ગુજરાતની એકમાત્ર ખેલાડી બની હતી.

અસ્માએ કુલ ૩૯૦ કિગ્રા વજન ઉપાડવા,૧૬૭.૫ કિગ્રા વજન ઉપાડવા અને બેન્ચ પ્રેસ કેટેગરીમાં ૮૦ કિગ્રા વજન ઉપાડવા રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યા છે. તેણીએ સ્ક્વોટ,ડેડલિફ્ટ,બેન્ચ પ્રેસ અને એકંદર પ્રદર્શન શ્રેણીઓમાં પણ ગોલ્ડ મેડલ મેળવ્યા છે.

તેણીની રમતગમતની સિદ્ધિઓ ઉપરાંત,અસ્મા શૈક્ષણિક રીતે પણ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ધોરણ ૧૨ વિજ્ઞાનની વિદ્યાર્થીની,તેણીએ ઝમ્જીઈ બોર્ડની પરીક્ષાઓમાં ૮૬.૬% મેળવ્યા છે. નોંધપાત્ર રીતે, તેણીએ એક જ વર્ષે વેઈટલિફ્ટિંગ અને પાવરલિફ્ટિંગ બંને સ્પર્ધાઓમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જે તેણીની બહુમુખી પ્રતિભા અને રમતગમત પ્રત્યેના સમર્પણને ઉજાગર કરે છે. તેણીની નોંધપાત્ર સિદ્ધિએ વડોદરા શહેર અને ગુજરાત રાજ્ય બંનેનું નામ રોશન કર્યું છે.

ખેડૂતોના પ્રશ્નોના મુદ્દે ૧૫ જૂને કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિનું મહા આંદોલન

● અમદાવાદ, તા. ૨૯

ગુજરાતમાં ખેડૂતોની દયનીય સ્થિતિ, તેમજ ખેડૂતોના ખેતરમાં મંજૂરી વગર કંપની દ્વારા થાંભલા લગાવવાના વિરોધમાં ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ અને કિસાન કોંગ્રેસ દ્વારા ૧૫ જૂનના સવારે હજારો ખેડૂતો ટ્રેક્ટર લઈને સવારે ૧૦ વાગ્યે અમદાવાદની શાંતિપુરા ચોકડી પહોંચશે. ૧૧૧૧ ટ્રેક્ટર લઈ ખેડૂતો ગાંધીનગર કૂચ કરશે. ઉપરાંત પોલીસ દ્વારા ખેડૂતોનું રક્ષણ કરવાના બદલે ખેડૂતોનું શોષણ કરવામાં આવી રહ્યો હોવાનો પણ કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

જો સરકાર ખેડૂત રેલીને મંજૂરી આપશે તો ઠીક અને જો નહીં આપો તો પણ આંદોલન ચાલુ રહેશે. ૧૫ જૂનની ખેડૂત રેલી બાદ કોઈ યોગ્ય ઉકેલ નહીં આવે તો રસ્તા રોકો સહિતના અન્ય આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત કિસાન કોંગ્રેસ અધ્યક્ષ પાલ આંબલિયાએ કહ્યું કે, ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષમાં કમોસમી વરસાદ કારણે ખેડૂતોના પાકને ભારે નુકશાન થયું છે. સાથે જ વર્ષ ૨૦૧૪માં પાકનું જે ઉત્પાદન થતું હતું તેનાથી ઓછુ ઉત્પાદન મળી રહ્યું છે. મગફળી, કપાસ સહિતના પાકની આવકમાં ઘટાડો થયો છે. સાથે તેના પોષણક્ષમ ભાવ મળતા નથી. પશુપાલક હાલત ખરાબ જોવા મળી રહી છે.

નોંધનીય છે કે ખેડૂતોની ટ્રેક્ટર રેલી પાંચ મુદ્દે કાઢવામાં આવી રહી છે જેમાં જમીન માપણી અને કાપણી, ખેડૂતો અને પશુપાલકોના દેવા માફીની માંગ, ખેત ઉત્પાદન અને દૂધ પેદાશો (એમએસપી નક્કી થાય, એમએસપીનો ગેરંટી વાળો કાયદો બને), ખાતરના ભાવ ત્રણ ગણા (સબસિડી ઓછી કરી ભાવ વધાર્યા), ખેડૂતોને ૮ કલાક સળંગ વીજ મળે તેનો સમાવેશ થાય છે.

સુરતમાં જાહેર સભા અને દમણ એરપોર્ટનું લોકાર્પણ કરી શકે છે

પીએમ મોદી આગામી ૫ જૂનના રોજ ફરી ગુજરાત આવે તેવી શક્યતા

● અમદાવાદ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૫ જૂનના રોજ ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવે તેવી પ્રબળ શક્યતાઓ છે. સુરત અને સંઘ પ્રદેશ દમણમાં પીએમ મોદીના સંભવિત કાર્યક્રમોને લઈને તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.ઁસ્ મોદી ખાસ કરીને સુરતમાં ભવ્ય જાહેર સભા અને દમણમાં નવા એરપોર્ટના લોકાર્પણ કરી શકે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પીએમ મોદી ૫ જૂને સુરતની મુલાકાત લઈ શકે છે. આ મુલાકાત દરમિયાન તેઓ એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વડાપ્રધાનની સભા માટે સુરક્ષિત અને વિશાળ સ્થળ પસંદ કરવા માટે અધિકારીઓ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે. સંભવતઃ વેસુ અથવા વરાછા વિસ્તારમાં આ સભા યોજાઈ શકે છે. જોકે અંતિમ નિર્ણય હજુ લેવાયો નથી પરંતુ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરત મહાનગરપાલિકા, પોલીસ તંત્ર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

આ સાથે પીએમ મોદી સંઘ પ્રદેશ દમણની મુલાકાત પણ લઈ શકે છે, જ્યાં નવા ડોમેસ્ટિક એરપોર્ટનું ભવ્ય લોકાર્પણ તેમના હસ્તે થવાનું માનવામાં આવી રહ્યું છે. આ એરપોર્ટ લગભગ ૯૭ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે અને તેમાં આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. દમણ માટે આ એરપોર્ટ વિકાસના નવા દ્વાર ખોલશે તેવી અપેક્ષા છે. આ અવસરે વડાપ્રધાન દ્વારા દમણના આરોગ્ય, પ્રવાસન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટેના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવે તેમ માનવામાં આવી રહ્યું છે.

હાલ સમગ્ર રાજ્યની નજર પીએમઓ દ્વારા જાહેર થનારા સત્તાવાર શેડ્યૂલ પર ટકેલી છે. આગામી એક-બે દિવસમાં આખરી કાર્યક્રમ જાહેર થવાની શક્યતા છે. જો કે, વડાપ્રધાનની સંભવિત મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ, પોલીસ વિભાગ અને સ્થાનિક વહીવટીતંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.સાથે પીએમ મોદીના ગુજરાત પ્રવાસને લઈને ભાજપ કાર્યકરો અને સમર્થકોમાં પણ ભારે ઉત્સાહ વ્યાપી

ઈનોક્સ ગ્રીન એનર્જી સર્વિસિસ લિમિટેડ
CIN : L45207GJ2012PLC070279
રજિસ્ટર્ડ ઓફિસ: સર્વે નં. 1837 અને 1834, મોજે જોટલપુર, ABS ટાવર્સ બીજો માળ, ઓલ્ડ પડરા રોડ, વડોદરા-390007, ગુજરાત
ફોન: 0265-6198111; ફેક્સ: 0265-2310312,
ઈમેલ: investor@inoxgreen.com; વેબસાઈટ: www.inoxgreen.com

31 માર્ચ, 2026 ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટેની ઓડિટ કરાયેલ સ્ટેન્ડઅલોન અને સંયુક્ત નાણાકીય પરિણામોની જાહેરાત

31 માર્ચ, 2026 ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટેના ઓડિટ કરાયેલ સ્ટેન્ડઅલોન અને સંયુક્ત નાણાકીય પરિણામો ("નાણાકીય પરિણામો") ને ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષવામાં આવ્યા છે અને કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા 29 મે, 2026 ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે.

નાણાકીય પરિણામોનું સંપૂર્ણ સ્વરૂપ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ (www.bseindia.com અને www.nseindia.com) અને કંપનીની વેબપેજ (https://www.inoxgreen.com/financial-results.html) પર ઉપલબ્ધ છે અને નીચે આપેલ ક્વિક રિસ્પોન્સ કોડ સ્કેન કરીને પણ મેળવી શકાય છે:

ઈનોક્સ ગ્રીન એનર્જી સર્વિસિસ લિમિટેડ માટે
Sd/-
મુકેશ માંગલિક
પૂર્ણ-સમય નિયામક

સ્થળ : નોઈડા
તારીખ : 29 મે, 2026

ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

ગાંધીનગર સચિવાલયમાં શોર્ટ સર્કિટથી ૩ દાઝ્યા, વીજ પુરવઠો ખોરવાતા દોડધામ

● અમદાવાદ, તા.૨૯

રાજ્યના પાટનગર ગાંધીનગર સ્થિત નવા સચિવાલય પરિસરના બ્લોક નંબર ૧૩ પાસે આવેલા પાવર સપ્લાયના ટ્રાન્સમિશન વાયરિંગમાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે જોરદાર વિસ્ફોટ થયો હતો. આ ઘટનાને પગલે સચિવાલયમાં ક્ષણભર માટે દોડધામ મચી ગઈ હતી. શોર્ટ સર્કિટને લીધે માર્ગ અને મકાન વિભાગના બે વાયરમેન સહિત ત્રણ અન્ય કર્મચારી ગંભીર રીતે દાઝ્યા હોવાનું જણાયું હતું. બપોરના સમયે એકાએક સ્પાર્ક થયા બાદ જોરદાર ધડાકો થતા સચિવાલય પરિસરમાં અફરાતફરી મચી ગઈ હતી.

સચિવાલના બ્લોક નંબર ૧૩માં આવેલા પ્લગ પોઈન્ટમાં ગમે તે કારણોસર શોર્ટ સર્કિટ થતા તણખા ઝર્યા હતા. આ ટેક્નિકલ ખામીને લીધે સચિવાલયના મુખ્ય એવા બ્લોક નંબર ૮થી ૧૪ સુધીનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વીજ પુરવઠો ઠપ થતા તમામ બ્લોકની લિફ્ટ બંધ થઈ ગઈ હતી અને લિફ્ટની અંદર કર્મચારીઓ તથા મુલાકાતીઓ અટવાતા દોડધામ મચી હતી. થોડા સમય માટે કામગીરી સંપૂર્ણ ઠપ થઈ ગઈ હતી અને અરજદારો તથા અધિકારીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. પાવર સપ્લાય લાઈનમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં જ જોરદાર ધડાકો થયો હતો. આ અકસ્માતમાં ફરજ પરના બે વાયરમેન ગંભીર રીતે દાઝી ગયા છે. જ્યારે અન્ય એક વ્યક્તિ સહિત કુલ ત્રણને ઈજા પહોંચતા તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાની ગંભીરતાને પગલે વીજ વિભાગની ટેક્નિકલ ટીમ અને કુશળ ઈલેક્ટ્રિશિયનોની ફોજ તાત્કાલિક બ્લોક નંબર ૧૩ ખાતે દોડી આવી હતી. વહીવટી તંત્રની ત્વરિત કામગીરીને કારણે સ્વર્ણિમ સંકુલ-૨માં થોડા સમય બાદ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો હતો. આ મામલે તપાસ કરવા આદેશ આપવામાં આવ્યો છે. વાયરિંગ ઓવરલોડને કારણે શોર્ટ સર્કિટ થયું કે પછી ગુણવત્તામાં ક્ષતિ અથવા અન્ય ટેક્નિકલ બેદરકારીને કારણે આ ઘટના ઘટી. પ્રાથમિક રીતે ગરમીને લીધે વીજ ઓવરલોડનું કારણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ગુજરાત કસ્ટમ્સના સુપરહીરો ડોગ 'હુટી'નું નિધન, સંપૂર્ણ સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર અને સલામી અપાઇ

● અમદાવાદ, તા. ૨૯

ગુજરાત કસ્ટમ્સ વિભાગના સૌથી વફાદાર અને બહાદુર સ્નીફર ડોગ 'હુટી'નું બુધવારે રાત્રે ૨૭ મે, ૨૦૨૬ના રોજ અવસાન થયું છે. આ સમાચારથી સમગ્ર કસ્ટમ્સ વિભાગમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. દેશભરના કસ્ટમ ડોગ સ્ક્વોડમાં ટોપ રેક ધરાવતા આ શ્વાને તેની નવ વર્ષની લાંબી સેવા દરમિયાન કરોડો રૂપિયાના નશીલા પદાર્થો અને ડ્રગ્સની હેરાફેરી રોકવામાં અભૂતપૂર્વ ભૂમિકા ભજવી હતી. કસ્ટમ્સ વિભાગ દ્વારા 'હુટી'ની દેશભક્તિ અને વફાદારીને માન આપીને સંપૂર્ણ સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર અને સલામી આપી અંતિમ વિદાય આપવામાં આવી હતી. અમદાવાદ સ્થિત કસ્ટમ પરિસરમાં જ તેની સમાધિ બનાવવામાં આવી છે.

લેબ્રાડોર પ્રજાતિના અત્યંત ચપળ એવા 'હુટી'નો જન્મ અને પ્રારંભિક તાલીમ બેંગલુરુની પ્રતિષ્ઠિત કેનાઈન ક્લબમાં થઈ હતી. ત્યાંથી વર્ષ ૨૦૧૩માં તેને ખાસ ઓપરેશન્સ માટે અમદાવાદ લાવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૩થી ૨૦૨૨ દરમિયાન અમદાવાદ એરપોર્ટ અને અન્ય વિસ્તારોમાં કસ્ટમ્સના મહત્વપૂર્ણ ઓપરેશન્સ પાર પાડવામાં 'હુટી'એ કેન્દ્રીય ભૂમિકા ભજવી હતી. તેની અદભુત સુંઘવાની શક્તિ અને તીક્ષ્ણ બુદ્ધિના કારણે તેણે ડ્રગ્સ સ્મગલિંગ અને આંતરરાષ્ટ્રીય તસ્કરીના ૫૦૦ જેટલા જટિલ કેસો ઉકેલવામાં વિભાગને મોટી સફળતા અપાવી હતી.

વર્ષ ૨૦૨૨માં આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓની એક ખૂબ જ મોટી તસ્કરી ઝડપી પાડ્યા બાદ, 'હુટી'ને તેની લાંબી અને પ્રશંસનીય સેવા બદલ સત્તાવાર રીતે સેવાનિવૃત કરવામાં આવ્યો હતો. તેની અજોડ સેવાઓની કદરરૂપે કસ્ટમ્સ વિભાગ દ્વારા તેને નિવૃત્તિ પછી માસિક રૂપિયા ૧૫,૦૦૦નું પેન્શન પણ આપવામાં આવતું હતું, જે સ્નીફર ડોગ્સના ઈતિહાસમાં એક ગૌરવપૂર્ણ બાબત છે.

૯૧૩ વર્ષ જૂની ધરોહરના પુનઃસ્થાપનથી ઇતિહાસ ફરી થયો સજીવ

વડોદરાના ડભોઈ નજીક આવેલી વડજની વાવ સંસ્કૃતિ અને સ્થાપત્યનું જીવંત પ્રતિક

● વડોદરા, તા.૨૯

વડોદરા જિલ્લાના ડભોઈ નજીક આવેલું વડજ ગામ ઐતિહાસિક વડજની વાવ માટે જાણીતું છે. જે આશરે ૯૧૩ વર્ષ જૂનો વારસો ધરાવે છે અને હાલમાં તેના સંરક્ષણ તથા પુનઃસ્થાપનના પ્રયાસોને કારણે ફરીથી ચર્ચામાં આવ્યો છે. રાજા સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમિયાન તેમની માતા મીનળદેવીના માર્ગદર્શન હેઠળ આ વાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ વાવનો મુખ્ય હેતુ સૈનિકો અને સ્થાનિક લોકોને પાણીની સુવિધા પૂરી પાડવાનો તેમજ જળસંચય અને લોકકલ્યાણને પ્રોત્સાહન આપવાનો હતો.

આ ઐતિહાસિક ધરોહરની મૂળ ઓળખને જાળવી રાખવા અને તેને પુનર્જીવિત કરવા માટે સંરક્ષણ તથા પુનઃસ્થાપનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ડભોઈથી આશરે ૦૮ કિલોમીટર દૂર આવેલી વડજની વાવ તેની વિશિષ્ટ નંદા શૈલીની સ્થાપત્યકળા માટે પ્રસિદ્ધ છે, જે તે સમયની ઈજનેરી કુશળતા અને કળાત્મક કારીગરીનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરે છે.

વાવના પુનઃસ્થાપન કાર્યમાં શ્રી અશ્વિનકુમાર કનૈયાલાલ પટેલના પ્રયત્નો મહત્વપૂર્ણ રહ્યા હતા. જેમની વારસા સંરક્ષણ પ્રત્યેની નિષ્ઠાએ આ ઐતિહાસિક સ્મારકને ફરી જીવંત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પ્રખ્યાત શિલ્પકાર શ્રી વીરેન્દ્રભાઈ પંચાલએ પણ તેમની કળાત્મક કુશળતા અને કારીગરી દ્વારા પુનઃનિર્માણ પ્રક્રિયામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

સ્થાપત્ય મહત્વ ઉપરાંત વડજની વાવ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે અહીં રાંદલ માતા, ખોડિયાર માતા અને વહાણવટી માતાનું સ્થાન આવેલું છે. આજે આ વાવ ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, આધ્યાત્મિકતા, સાંસ્કૃતિક એકતા અને અવિનાશી વારસાનું પ્રતિક બનીને ભૂતકાળ અને વર્તમાનને સંરક્ષણના માધ્યમથી જોડે છે.

મહેસાણા કોંગ્રેસમાં ભડકો, પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ૩૩ સભ્યોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

● અમદાવાદ, તા.૨૯

મહેસાણા જિલ્લા કોંગ્રેસનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા શિસ્તભંગ અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા કોંગ્રેસ સમિતિએ આંતરિક વિખવાદને લઈ ઉમેદવારોને નુકસાન પહોંચાડવાના ગંભીર આક્ષેપોસર ૩૩ જેટલા સભ્યો અને પદાધિકારીઓને પક્ષમાંથી બહારનો રસ્તો બતાવી દીધો છે. આ આકરા નિર્ણયથી સમગ્ર ઉત્તર ગુજરાતના રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે અને કાર્યકરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બળદેવજી ઠાકોર દ્વારા આ સસ્પેન્શનનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે. પક્ષના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આ તમામ ૩૩ આગેવાનોને આગામી ૬ વર્ષ માટે પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા છે. સસ્પેન્ડ કરાયેલા સભ્યોની યાદીમાં ઊંઝા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ડી. ટી. ઝાલા જેવા મોટા માથાઓના નામ પણ સામેલ છે, જે પક્ષમાં તેમનું કદ દર્શાવે છે. આ આખી કાર્યવાહીની વિગતવાર નકલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિકને પણ આગળની જાણકારી માટે મેકલવામાં આવી છે.

ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ
Diamines Quality driven
CIN No. : L24110GJ1976PLC002905
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૩, પીસીસી એરિયા, પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, વડોદરા-૩૯૧૩૫૦. ફોન : ૦૨૬૫-૩૫૩૪૨૦૦
Email : secretarial@dacl.co.in Website : www.dacl.co.in

નોટીસ

આ નોટીસ કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૨૪(૬) અને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPF) ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ કે જે તા.૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૬ થી અમલમાં આવેલ છે તેની જોગવાઈઓ પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવી છે. ઉપરોક્ત રૂલ્સ પ્રમાણે, જે શેરધારકોએ પોતાના શેર ઉપર સતત સાત વર્ષ સુધી ચૂકવાયેલું ડિવિડન્ડ વોરન્ટ પોતાના ખાતામાં જમા કરાવ્યું નથી તે IEPF માં તબદીલ (ટ્રાન્સફર) કરવાની જોગવાઈ છે.

આ રૂલ્સમાં કરાવેલી વિવિધ જોગવાઈઓ અન્વયે, જેમના શેર IEPF માં તબદીલ કરવાપાત્ર થાય છે, તે માટે લાગતા વળગતા બધા જ શેરધારકોને કંપનીએ તેમના છેલ્લા નોંધાયેલા સરનામા પર વ્યકિતગત રીતે પત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકો અને IEPF માં તબદીલ થવાપાત્ર શેર્સની બધી વિગતો પોતાની વેબસાઈટ www.dacl.co.in ઉપર પણ મુકી છે. આ વિગતોમાં ૨૦૧૮-૧૯ (ફાઈનલ) થી સતત સાત વર્ષ સુધી ડિવિડન્ડ ચુકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઈ નથી તેમજ જેમના શેર્સ કંપનીના સસ્પેન્સ ખાતામાં છે અને શેરધારક દ્વારા સતત સાત વર્ષ સુધી માંગણી કરાઈ નથી તેવા શેર્સની માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

૩૧મી ઓગષ્ટ ૨૦૨૬ સુધીમાં સંબંધિત શેરધારકો તરફથી કંપનીને કોઈ સુચના પ્રાપ્ત નહી થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપદ્ધતિ પ્રમાણે IEPF માં તબદીલ કરી દેવામાં આવશે.

જે શેરધારકો એમના શેર્સ પરત મેળવવા માંગતા હોય તેઓ IEPF ઓથોરીટીની વેબસાઈટ www.iepf.gov.in પર આપેલ વેબ ફોર્મ IEPF-5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. (અગાઉની લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ.), "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫, ટેલીફોન નં. (૦૨૬૫) ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ: vadodara@in.mpms.mufg.com નો સંપર્ક કરી શકશે.

જો કોઈ શેરધારકો તેમના શેર્સ ભૌતિક સ્વરૂપમાં ધરાવતા હોય અને KYC ની વિગતો એટલે કે પાન, પીન કોડ સાથેનું સરનામું, ઈ-મેલ આઈ.ડી., મોબાઈલ નંબર, બેંક ખાતાની વિગતો, સહીનો નમૂનો અને નામાંકન (નોમીનેશન)ની હજી નોંધણી કરાવી નથી તો તેમને નોંધણી માટે/KYC ની વિગતો અને નામાંકન બદલવા માટે સંબંધિત ફોર્મ જેવા કે ISR-1, ISR-2, ISR-3., SH-13 અને SH-14 ભરીને મોકલી આપવા વિનંતી છે. સદર ફોર્મ કંપનીની વેબસાઈટ https://dacl.co.in/investors-relation/#1718694013646-9a9b0439-eedf અને RTA ની વેબસાઈટ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html Format for KYC ઉપર ઉપલબ્ધ છે.

બોર્ડના હુકમથી,
ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ વતી,
સહી/-
હેમાક્ષી પવાર
કંપની સેકેટરી

સ્થળ : વડોદરા
તારીખ : મે ૨૯, ૨૦૨૬